### દેશના એક લાખ કરતાં વધુ ગામોમાંથી માટી મગાવાઈ

# દેશભરનાં ગામોમાંથી માટી એકત્ર કરી વોલ ઓફ યૂનિટી બનાવાશે

## સ્ટેચ્યૂ ઓફ યુનિટી સામે વોલ બનાવી લોકોની ભાવનાને જોડવા પ્રયાસ



એક લાખ કરતાં વધુ ગામડાની માટીથી બનાવાઈ રહેલી વોલ ઓફ યુનિટી ૩૧ ઓક્ટોબર સુધીમાં તૈયાર કરી દેવાશે.




। કેવડીયાકોલોની ।

સ્ટેચ્યુ ઓફ યુનીટીની સાથે વોલ ઓફ યુનીટી પણ બનાવવામા આવી રહી છે. આ વોલ ઓફ યૂનિટી બનાવવા માટે દેશભરના અલગ અલગ ગામોની માટી લગાડવામા આવી રહી છે. જેના કારણે દેશભરના લોકોની ભાવના આ સ્ટેચ્યૂ સાથે જોડાયેલી રહે તેવો આશય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરદાર વલ્લભાઈ પટેલની વિશાળકાય પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનીટીના લોકાપર્ણને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે પ્રવાસીઓને આકર્ષી શકાય અને લોકોની લાગણીઓ પણ સ્ટેચ્યુ સાથે જોડાયેલી રહે તે માટે સ્ટેચ્યુ ઓફ યૂનિટીની સામે વોલ ઓફ યુનીટી બનાવવામા આવી રહી છે. આ વોલ ઓફ યુનીટીમા દેશના એક લાખ કરતા પણ વધારે ગામડાઓમાંથી માટી મંગાવવામા આવી હતી. જે માટીનો ઉપયોગ કરી વોલ ઓફ યુનીટીને ૩૧ ઓક્ટોબર પહેલા બનાવી દેવામા આવશે.

આ ઉપરાંત સૌને થશે કે સરદાર પટેલની પ્રતિમા તો કાંસ્યમાંથી બની ગઈ તો જે દેશભરમાથી ખેડુતોના ઓજારોનુ લોખંડ ઉઘરાવવામા આવ્યુ હતુ જે કયા ગયુ ? તેનો ઉપયોગ થયો કે નહિ ? ત્યારે પ્રાપ્ત વિગત અનુસાર સ્ટેચ્યુ ઓફ યુનીટી બનાવવામા માટે ૧૬૫૦૦ મેટ્રીકટન આર સી સી બાર્સનો ઉપયોગ કરવામા આવ્યો છે.

૬૫૦૦ મેટ્રીક ટન સ્ટીલ ફ્રેબીકેશન અને ૨૨ હજાર મેટ્રીક ટન સ્ટીલનો ઉપયોગ કરવામા આવ્યો છે. ત્યારે દેશભરમાંથી જે ખેડુતો પાસે જે લોખંડ ઉઘરાવવામા આવ્યુ હતુ જે ૧૨૫ થી ૧૩૦ ટન જેટલુ હતું. જેને ઓગાળીને સળિયા બનાવવામા આવ્યા હતાં. તેનો ઉપયોગ સ્ટેચ્યુમાં કરવામા આવ્યો છે.

આમ સરદાર પટેલની વિશાળકાય પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનીટીને બનાવવામા ભલે સ્ટીલ બ્રોન્ઝ, સિમેન્ટનો ઉપયોગ કરવામા આવ્યો હોઈ, પરંતુ આ સાથે દેશભરના લોકોની તેમજ ખેડૂતોની ભાવના જોડાયેલી રહે તે માટે લોખંડ ઉપરાંત અલગ અલગ ગામોમાથી લાવવામા આવેલી માટીનો ઉપયોગ કરીને વોલ ઓફ યુનીટી બનાવવામા આવી રહી છે.


સંદેશ
23 OCT 2018